# ગુજરાત રાજ્ય યોગ બોર્ડ

ઇ-૨ વિંગ, બ્લોક નં. ૩/૪થો માળ,
કર્મયોગી ભવન, સેક્ટર - ૧૦,
ગાંધીનગર

ફોન નં. (૦૭૯) ૨૩૨૫૮૩૪૨/૪૩

Email -  yogboard@gujarat.gov.in

## રાઇટ ટુ ઇન્ફોર્મેશન એક્ટ - ૨૦૦૫

* **તા. ૦૧/૦૭/૨૦૨૪ ની સ્થિતિએ**

❖ **ગુજરાત રાજ્ય યોગ બોર્ડનું મેન્યુઅલ બનાવવા બાબતના મુદ્દાઓ :-**

**(૧) સંસ્થાના કાર્યો અને ફરજોની વિગતો :**

❖ **સંસ્થાની રચના :-**

કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તીઓની કચેરી હેઠળ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ૨૧ મી જુન – ૨૦૧૯ ના રોજ સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવ ક્રમાંક : એસએજી/૧૦૨૦૧૮/૧૭૨૬/બ થી કાર્યરત થયેલ છે.

❖ **સંસ્થાના ઉદ્દેશો :-**

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમુલ્ય ભેટ એવી "યોગ વિદ્યા" ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી તમામ લોકો ને યોગ થકી શારીરીક, માનસિક તેમજ આધ્યાત્મિક રીતે પ્રગતિ થાય તે ઉદ્દેશ રહેલો છે.

❖ **ગુજરાત રાજ્ય યોગ બોર્ડનું વહીવટી માળખું :-**




❖ **સંસ્થાના કાર્યો :-**

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની નિતિ વિષયક બાબતો નક્કી કરવા માટે અધ્યક્ષ,ઉપાધ્યક્ષ,સરકારી-બીનસરકારી સહિત ૧૦ સભ્યોની સંચાલક સમિતિની રચના કરવામાં આવેલ છે.

❖ **સંસ્થાની ફરજો:-**

ગુજરાત સરકાર,ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ના ચેરમેન,વા.ચેરમેન કે બોર્ડ દ્વારા કરવામાં આવે તેવા કોઇ પણ હુકમને આધિન રહીને ખાસ ફરજ પરના અધિકારી તરીકે નીચેની બાબતો માટે જવાબદાર રહેશે.

(૧) સંસ્થાની કામગીરીઓનો યોગ્ય વહિવટ અને ફંડ નો વહિવટ

(૨) સંસ્થાના તમામ કર્મચારીઓની ફરજો નિયત કરવા માટે

(3) સંસ્થાના તમામ કર્મચારીઓની કામગીરીની દેખરેખ અને શિસ્ત વિષયક નિયંત્રણ માટે

(૪) સંસ્થાની સંપુર્ણ તથા પ્રવૃતિઓનું સંકલન અને સામાન્ય દેખરેખ માટે

(૫) બોર્ડ દ્વારા અધિકૃત કરવામાં આવેતે તમામ કરારો,પત્રો અને અન્ય દસ્તાવેજો કરવા માટે

સંસ્થાની ઓફીસ ગુજરાત ના પાટનગર ગાંધીનગર ખાતે બ્લોક નં૧૯/3 ડો.જીવરજ મહેતા ભવન ગાંધીનગર ખાતે આવેલ છે. તેમજ જિલ્લા કક્ષાએ બિન-સરકારી પ્રતિનિધી,જિલ્લા કો-ઓર્ડિનેટર ની યાદી પત્રક-૨ માં આપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ ની કચેરી શરુ થવાનો સમય સવારે ૧૦:30 કલાક તેમજ કચેરી બંધ થવાનો સમય સાંજે ૬:૧૦ કલાક નો છે. (રજા સિવાયના દિવસો દરમ્યાન)

સંસ્થાના અધિકારીઓ તથા કર્મચારીઓની સત્તા અને ફરજો:-

ચેરમેન (અધ્યક્ષ)ની સત્તા અને ફરજો

બોર્ડ ના સરકારી અને બીન સરકારી સભ્યોની સત્તા અને ફરજો

❖ **ખાસ ફરજ પરના અધિકારી ની સત્તા અને ફરજો:-**

ગુજરાત સરકાર, રમત-ગમત વિભાગ, સંસ્થાના ચેરમેન, બોર્ડ દ્વારા કરવામાં આવે તેવ કોઈપણ હુકમને આધિન રહીને સંસ્થાના ખાસ ફરજ પરના અધિકારી તરીકે નીચેની બાબતો માટે જવાબદાર રહેશે.

❖ **નીચે મુજબની તમામ બાબતો:-**

સરકારશ્રી દ્વારા ખાતાના વડા જાહેર કરેલ હોય, ગુજરાત નાંણાકીય સત્તા સોંપણીના નિયમો ૧૯૯૮ હેઠળ ખાતાના વડાને આપવામાં આવેલ તમામ નાંણાકીય સત્તાઓ તેમના હસ્તક રહે છે. આ ઉપરાંત કચેરીની તમામ નાંણાકીય તેમજ વહિવટી સત્તાઓનો અમલ કરવાનો રહે છે.

સંસ્થાના ચેરમેન, વાઈસ ચેરમેન બોર્ડની સુચનાઓ હેઠળ કામ કરશે.

સંસ્થાની બેઠકો બોલાવવા માટે નોકરી આપવા અને સંસ્થાની બેઠકોની કામગીરી ની નોંધ રાખવા માટે અને બોર્ડની નોંધ રાખવા માટે જવાબદાર રહેશે.

સંસ્થાના તમામ રેકર્ડ તેમના કાર્યાલય ખાતે અથવા બોર્ડ નક્કી કરે તેવા સ્થાને રાખવા કે રખાવવા માટે જવાબદાર રહેશે.

કચેરીના વડા તરીકે નાણાંકીય સત્તા સોંપણીના નિયમો અન્વયે મળેલ સત્તાઓ અને વહીવટી કામગીરીનું નિયંત્રણ કરવાનું રહેશે.

❖ **હિસાબી અધિકારી : સત્તાઓ અને ફરજો:**

(૧) ગુજરાત રાજ્ય યોગ બોર્ડના તમામ હિસાબોની તમામ કામગીરી

(૨) ગુજરાત રાજ્ય યોગ બોર્ડના કોપર્સ ફંડ અંગેની કામગીરી

(3) રાજ્યની વાર્ષિક વિકાસ યોજનાનો ઘડતર/રીપોર્ટીંગ/સમિક્ષાના સંકલનની કામગીરી

(૪) ગુજરાત રાજ્ય યોગ બોર્ડના બજેટ ઘડતર/રીપોર્ટીંગ/સમિક્ષાની તમામ કામગીરી

❖ **વહીવટી અધિકારી : સત્તાઓ અને ફરજો:**

(૧) આ કચેરીના વર્ગ- ૨,૩ અને ૪ ની સેવા વિષયક તમામ બાબતો

(૨) કચેરી માટે સ્ટેશનરી અને પરચુરણ ખરીદીની કામગીરી.

(3) એલ.એ.ક્યુ. અને સંકલનની તમામ કામગીરી.

(૪) કચેરીમાં ફર્નીચર,વીજળી બીલ,ટેલીફોન બીલ,ટેલીફોન કનેક્શન અંગેની કામગીરી.

(૫) વહીવટી અહેવાલ ને લગતી કામગીરી.

(૬) તમામ હાર્ડવેર, સોફ્ટવેર, અન્ય ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો,કોમ્પ્યુટર કન્ઝ્યુમેબલ્સ, સ્ટેશનરી, પેરીફેરલ્સની ખરીદી નિભાવણી, મરામત, લેન અને વેબસાઇટ ડેવલપમેન્ટની કામગીરી.

❖ **જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારીઓના નામ,હોદ્દાઓ.**

(The names, designastions and other particulars of the public information offcers.)

ગુજરાત રાજ્ય યોગ બોર્ડની કચેરીના જાહેર માહિતી અધિકારી/અપીલ અધિકારી

| ક્રમ | જાહેર માહિતી અધિકારી | શાખાનું નામ/કામગીરી | અપીલ સત્તાધિકારી |
|---|---|---|---|
| ૧ | વહીવટી અધિકારી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર | વહીવટી શાખા<br>તમામ પ્રકારની વહીવટી કામગીરી,<br>સરકરશ્રી સાથે પત્રવ્યવહાર | ખાસ ફરજ પરના અધિકારી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, ગાંધીનગર |

❖ **શાખા અને તેની કામગીરી :-**

| શાખાનું નામ | કામગીરી |
|---|---|
| વહીવટી શાખા | સરકારશ્રી સાથે સંકલન અને તમામ પ્રકારની વહીવટી કામગીરી |
| હિસાબી શાખા | એકાઉન્ટ,બજેટ,ફાઈનાન્સ |
| ટેક્નિકલ શાખા | યોગ કોચ, યોગ ટ્રેનર યોગ ક્લાસ એન્ટ્રી ચેક કરવી, વેબસાઇટ, વેબ એપ્લિકેશન સંચાલન |